શ્રી ગણેશાયનમઃ

સ્વામી ભક્ત સામન્ત

નાટકનાં ગાયનો.

રચાવી અને છપાવી પ્રસિદ્ધ કરનાર,

મીઠાલાલ ઉમરજીભાઈ ભાવનગરવાળા

શ્રી વિજય ગૌતમ નાટક સમાજના માલીક.

ઠે. મદનના ઝાંપે વાંકાનેર થીએટર. મુ. વડોદરા

શ્રી માર્તંડ મુદ્રાલય પ્રેસમાં પટેલ. ભીખાભાઈ છગનલાલે

છાપ્યો. ઠે. રીચીરોડ—અમદાવાદ.

આવૃતી ૪ થી. પ્રત ૩૦૦૦

સંવત ૧૯૭૫ સને ૧૯૧૯

કીંમત ૦-૨-૦

[illegible]હાર મુંબઈ સરકારની.

ગવર્નમેન્ટ લેબોરેટરીમાં વિદ્વાન સરકારી ડોકટરે અમારી બનાવેલી **બાદશાહી યાકુતી અનંગ વિલાસના** ગોળીઆ એનાલાઈઝ કરીને તેમાં કોઈપણ જાતની નુકશાનકારક ચીજ નથી એવું સરટીફીકેટ આપેલ છે. અને એ ઉમદા રજવાડી દવા અકસીર હોવાથીજ વિલાયતમાં પાસ થએલા મોટા ડાકટરો, રાજા મહારાજાઓ, નવાબો તથા દેશી અને અંગ્રેજ ગૃહસ્થો અને મોટા સરકારી અમલદારોમાં પણ બહુ વખણાય છે.

બાદશાહી યાકુતી.

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી લાવે છે. પુરૂષાતન કાયમ રાખે છે. આ રાજવંશી યાકુતી વીર્યવીકારના તમામ વ્યાધી મટાડે છે. અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે. ખરી મરદાઈ આપનાર અને નબળા માણસને પણ જુવાનની માફક જોરાવર બનાવનાર. આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામાં કોઈપણ જાતની પરેજીની જરૂર નથી ૪૦ ગોળીની ડબી એકના રૂપીઆ ૧૦)

બાદશાહી ચુનાની લેપ.

ઉમદા દવાઓમાંથી આ લેપ બનાવેલ છે; અને તે નસોને પુરતી તાકાત આપે છે. ખરૂં પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉન્સ એકની ડબીના રૂપીઆ બાર તમામ દવાઓનું પોસ્ટ ખર્ચ જુદું.

ડાકટર કાલીદાસ મોતીરામ—રાજકોટ-કાઠીઆવાડ.

શ્રી હરિ ૐ પરબ્રહ્મ પરમાત્મને નમઃ

"સ્વામી ભક્ત સામન્ત"

નામક નાટકનો

પ્રવેશાનુક્રમથી સંક્ષિપ્ત સાર.

મંગળાચરણ—પ્રભુપ્રાર્થના અને બાળાઓ દ્વારા નાટ્યવસ્તુનું વિવેચન

અંક ૧ લો.

પ્ર. ૧—કાબુલમાં જશવન્તસિંહ મહારાજનો રાજમહેલ.
જોધપુર નરેશ જશવન્તસીંહનો ગાર્હસ્થ સામ્રાજ્યમાં વિહાર, અને રાણી મહામાયાના પતિ પુત્રના મંગલ માટેના મનોદ્ગાર બાદ તે દ્વારા કુમાર પૃથ્વીસીંહના પરલોકયાત્રાના ગમગીન સમાચાર અને તેથી હૃદય બંધ પડતા રાજા જશવન્તસીંહનો સ્વર્ગપંથે સંચાર. ગર્ભ માટે ઉદર ચીરી સ્વામી સાથે સહગમન કરવા ઇચ્છતી મહામાયાનો જશવન્તસિંહને મરૂભૂમિની કેટલીક રાજદ્વારી બાબતોની સુચનાઓ કરવા આવેલી યોગિશ્વરીથી પ્રતિબંધ. રાઠોડ વીર દુર્ગાદાસની દૈવી સ્વામી ભક્તિની શરૂઆત—અને ધસી આવેલા બંડખોરો પ્રત્યે યોગિશ્વરીના યોગબળથી થએલો પ્રત્યાઘાત. ટેબ્લો.

પ્ર. ૨—દીલ્હીમાં ચંદ્રસીંહ પુરિહારનો સહેર બહારનો પ્રમોદઉદ્યાન. યૌવન વનમાં વિચરતી પુરિહાર પુત્રી સરલાના યૌવનાગમનોદ્ગાર, અને તેની સમવયસ્ક સહચારિઓનો શાબ્દિક શૃંગાર વિહાર. બાદ રાઠોડો પ્રત્યે જાતિવૈરાગ્નિમાં પ્રજળતા પુરિહારના પ્રાપંચિક ઉદ્ગાર. અતિથી તરીકે રહેલા સમરસીંહને સપડાવવાનો ચંદ્રસીંહ ચંદ્રીકાનો નિરધાર. સમરસીંહનું આગમન. ચંદ્રસીંહનું કુટિલ કારસ્થાન; સરલાની સમયસુચકતાથી સમરસીંહનું સંકટ છેદન—અને સમર-સરલા વચ્ચે વિમળ સ્નેહબંધન.

પ્ર. ૩ ચંદ્રસીંહના મહાલયનો એક ખંડ પોતાના પ્યારનાં નંદન પ્રત્યે નંદાના પ્રણયોદ્ગાર—અને નંદાના રૂપ રંગ પર શુભ્ર રહેલા ચંદનના ઉતારો વિચાર. નંદા પાસે પ્રેમયાચના—અને પરિણામે આવી પડતી યાતના.

પ્ર. ૪—રાગલસરકાર આલમગીરનું સભાભુવન. જોધપુરના પાટવીકુમાર પૃથ્વીસિંહના ઝેરી પોષાકથી થયેલા પરલોકવાસ સંબંધી પ્રશ્ન સમૂર્તિ આલમગીર તથા ચંદ્રસિંહ સાથે દેરમતી દુર્ગાદાસ તથા અમરસિંહનું સાંકેતિક ભાષામાં વિવેચન—રાણી મહામાયા તથા બાલકુમાર અજીતસિંહને સ્વાધીન કરવા માટે મોગલ સરકારની માગણી—અને તે સામે પોતાના માલીકની રક્ષાર્થ સામી સરદારની દુર્ગાદાસની દારુણ દૃઢ લાગણી દુર્ગાદાસને કેદ પકડવાનો આલમગીરનો ઠરાવ—પણ અગાઉથી ગોઠવી રાખેલા યંત્રણા મુજબ સમર સહુનો દુર્ગાદાસનો બચાવ. ટેબ્લો.


પ્ર. ૫—રાઠોડ સરદાર દુર્ગાદાસની કેશરીસિંહ પોતાના પ્યારા પુત્ર દિલીપસિંહ પ્રત્યે દુર્ગાવતીના માતૃવાત્સલ્યતાભર્યા મનોભાવ અને પ્રાણઘાતક પુત્રને પ્રચંડ વીરમૂર્તિ રાજભક્ત બનાવવાના વીર દુર્ગાદાસના વીરોચિત વિચાર, દુર્ગાવતીએ પોતાના બાળરાજાના બચાવ માટે સ્વહસ્તે અર્પણ કરેલો નિરવાર, મરુભૂમિની દુઃખદાયક દશા દેખી આવેલા સમરસિંહના કરુણ ઉદ્ગાર. દેશના કલ્યાણ માટે દેહોત્સર્ગ કરવાનો સર્વેનો દૃઢ નિશ્ચય અને સમરાંગણમાં સંચાર.

પ્ર. ૬—ચંદાનું મકાન. નંદાના પ્યારમાં નાસીપાસ નીવડેલા ચંદનના અન્તઃકરણમાં પ્રકટતું થતું કળતર અને ચંદન—ચંદાના સુખી સંસારમાં ચમત્કાર વર્ણનનું ચક્કર.

પ્ર. ૭—રાઠોડ સૈન્ય શી (બિકાનેર [illegible]) [illegible]

૫

કરવાની યોગીશ્વરીની આજ્ઞા, અને જાતિ ધર્મ જાળવવા માટે જહર વ્રત ઉજવવાની દુર્ગાવતિની પ્રતિજ્ઞા, વીર સ્વામી ભક્ત સીમંત દુર્ગાદાસ પોતાના નોકર ધીરૂને મદારી બનાવી કરંડિયામાં કુમાર અજીતસીંહને છુપાવી, અજીતની જગાએ પોતાના પુત્ર દિલીપને સુવાડી રાણી મહામાયાને મદારી સ્વાંગ સજાવી અરવલ્લીની ગુપ્ત ખીણો તરફ રવાના કરે છે. બાદ ચંદ્રસિંહ પુરિહાર સાથે સમ્રાટ આલમગીર અસંખ્ય સૈન્ય સાથે આવી લાગે છે અને ભીષણ સમરાનલ જાગે છે. રાજપુતોનાં વીરોચિત કેસરિયાં અને રાજપૂર રમણીઓનું વિલક્ષણ જહરવ્રત. ટેબ્લો.



અંક ૨ જો.

પ્ર. ૧—નિબિડ અરણ્ય. રાઠોડોએ કરેલાં કેસરિયાં વખતે લાગ જોઇને દુર્ગાદાસના પુત્ર દિલીપસિંહને અજીતસીંહ સમજી ઉઠાવી લઈ નાસી નીકળેલા ચંદ્રસિંહ પુરિહાર પાસેથી વીર નારી દુર્ગાવતી પોતાનો પુત્ર પાછો લઈ લે છે—પરંતુ ચંદ્રસીંહના સહાયે દિલેરખાન આવી લાગી દિલીપને દુર્ગાવતીના હાથમાંથી ઝુંટવી લે છે. બાદ દિલેરખાન સાથે દિલીપને અજીતસીંહ માની દીલ્હી મોકલે છે અને દુર્ગાવતી પર ચંદ્રસીંહ પ્યારની માગણી સાથે ચાબુકના મારથી જુલ્મ ગુજારે છે. દરમ્યાન સમરસીંહ આવી લાગતાં પુરિહાર પલાયન થાય છે અને દિયર ભોજાઈ દુર્ગાદાસ વગેરેની શોધમાં જાય છે.

પ્ર. ૨—અરવલ્લીનું અરણ્ય. કુમાર અજીતસિંહને આશ્રમમાં

મુકી નિશ્ચિંત થએલી મહામાયા ધીરસીંહને દુર્ગાદાસની માતાની મદદે મોકલે છે. બાદ પોતાના બાળરાજાનો ક્યાંય પત્તો ન મળવાથી આકુળ વ્યાકુળ બનેલો દુર્ગાદાસ ત્યાં આવી લાગતાં યોગીશ્વરી તેને સર્વ ખુલાસો કરી શત્રુ અનુચરોથી સાવધ રહેવા સુચવે છે, દરમ્યાન બાદશાહ આલમગીર ગુપ્તરૂપે પ્રવેશે છે અને મહામાયા તથા આલમગીર વચ્ચે વિષમ વિતંડા વાદ થાય છે. બાદશાહ મહામાયાને કેદ પકડવા જતાં દુર્ગાદાસની સમયસુચકતાથી ડરી જઈ પોતેજ પલાયન થઈ જાય છે.

પ્ર. ૩—**ચંદ્રસિંહ પુરિહારનો મહેલ.** એક તરફથી રાંડાડપર નવું જુનું વેરવાળી મરૂભૂમિ સ્વાધીન કરી મોગલ સત્તાને પણ ખત્તા ખવરાવવાની પૈશાચિક રાજ્યલોભની વાસનાવાળો પુરિહાર પોતાની પુત્રી મોગલ સેનાપતિ દિલેરખાન સાથે પરણાવવા તૈયારી કરે છે. દરમ્યાન નંદાની ચાલાકીથી સમરસીંહ આવી લાગી સરલાને લઈ જાય છે અને કૃત્રિમ સરલા [નંદા] સાથે હસ્તમેલાપ થતાં પહેલા નંદન આવી સરલા પલાયન થવાના સમાચાર આપતાં સર્વ અજાયબીમાં ઉતરી જાય છે. અને દિલેરખાન સમર સરલાને પકડી પાડવા સૈન્ય સાથે રવાના થાયછે. ટબ્લો.

પ્ર. ૪ **ચંદાનુ મકાન**—ચંદા ઉપર આફરીન થઈ પડેલા વંદનનું વિલક્ષણ કાવત્રુ અને નિર્દોષ ચંદનની કમબખ્તી.

પ્ર. ૫—**અરવલ્લી નજીકનું અરણ્ય.** દશાના દારૂણ તંત્ર નીચે દબાએલા દુર્ગાદાસના ઉદ્દગાર. સમર—સરલાની શોધ માટે રાંકડી રૈયતપર દિલેરખાનનો બળાત્કાર, દુર્ગાદાસનું મારૂ પ્રજાની મદદે આગમન. દિલેરખાન પલાયન. મારૂપ્રજાની દુર્ગાદાસને આશીષ. અને દુર્ગાદાસનો પ્રજાને દિલાસો. ટીરૂ દ્વારા મોજીના મરણ

સમાચાર—આંતરિક પરિતાપ—માતા અને માતૃભૂમિ બન્નેનું સાટું વાળવાની દુર્ગાદાસની પ્રચંડ પ્રતિજ્ઞા તથા સરલા દુર્ગાવતિને દીલીપની મુક્તિ માટે દીલ્હી જવાની આજ્ઞા ભાઈના આદેશ મુજબ સમરસીંહનું જોધપુર તરફ રવાના થવું. અને યોગીશ્વરીને લોખંડી પેટી સોંપી દીલ્હી જવું.

પ્ર. ૬ **ચંદાનું મકાન.** ચંદાને ફસાવવા જતાં ચક્કર ખાઈ ગએલા વંદનની કમબખ્તી.

પ્ર. ૭—**શહેનશાહ આલમગીરનો ગુપ્ત આવાસ.** આલમગીર ચંદ્રસીંહ ચંદ્રીકાને અજીતસીંહના રક્ષણ કાર્યની ભલામણ કરી ચાલ્યા જાય છે. દુર્ગાવતી સરલા દાખલ થાય છે. દિલીપને પારણામાંથી ઉઠાવી લે છે. બાદ દુર્ગાદાસ આવી દિલેરખાનને મારી માતાનો બદલો લે છે. સ્વામીના આદેશ મુજબ દુર્ગાવતિ સરલા અને દિલીપ સાથે રવાના થાય છે. બાદશાહ વગેરે આવી લાગતાં દુર્ગાદાસ જેલ પકડાય છે. ઝઘડો.

અંક ૩ જો.

પ્ર. ૧—**અડવલ્લી નજીકનો અરણ્ય પ્રદેશ.** દિલ્હીમાંથી દિલીપને લઈ આવેલાં દુર્ગાવતી તથા સરલાને રાણી મહામાયા આવી મળતાં દિલીપ રાણીજીને સ્વાધીન કરી સમરસિંહને બંધુની કુમકે આવવાનું જણાવી દુર્ગાવતી પોતાના પ્રાણેશને બંધન મુક્ત કરાવા પુનઃ દિલ્હી તરફ રવાના થાય છે. બાદ સરલાને અચાનક પોતાના પ્રિયતમ સાથે મેળાપ થતા તેના મુખેથી ભાઈને કેદ થએલા સાંભળી સમરસિંહ પણ દુર્ગાદાસની મદદ માટે દીલ્હી જાય છે.

પ્ર. ૨—દીલ્હીમાં મોગલ સલ્તનતનું જેલખાનું જેલખાનામાં ચંદ્રિકાને દુર્ગાદાસ પ્રત્યે પૈશાચિક પ્યાર—દુર્ગાદાસનો તેના પ્રત્યે ધીટકાર—મોગલ સેનાપતિના સ્વાંગમાં આવી દુર્ગાવતીએ સ્વામી-ની કરેલી વિલક્ષણ વ્હાર—અને જનાનખાનાને માર્ગેથી નાસી જતાં રંગમહેલને લગાડેલો અંગાર—બાદશાહ આલમગીર સામે દુર્ગાદાસના વિરોચિત ઉદ્દગાર—કિલ્લાના કાંગરાપર થઇને સમર-સીંહનું જેલખાનામાં આગમન—અને બહાદુરી ભરી રીતે બન્ને વીરોએ કરેલુ પલાયન.

પ્ર. ૩—નંદા માટે મુકરર થએલો ચંદ્રસિંહના મહેલનો એક ખંડ ચંદાપર ચાલાકી ચલાવવા જતા ચક્કર ખાઇ ગએલે વંદનની નિરાશા અને નંદા—નંદનનો હરત મેળાપ.

પ્ર. ૪—અરવલ્લીમાં અજીતસીંહનો આશ્રમ. સમવયસ્ક છોક-રાઓ સાથે તેજસ્વી ક્ષત્રિ મૂર્તિ અજીતસીંહ તથા દિલીપસીહ વીરોચિત રમતગમતમાં ગુલતાન, ભિલ્લબાળાના મેણાને લીધે અજીતસીંહને પોતાની પૂર્વસ્થિતિનું થએલુ ભાન અજીતસીહનો આંતરીક ખેદ—અને તેને પકડવા આવેલા ચંદ્રસીંહ સાથે દ્વંદ યુદ્ધ થતાં દુર્ગાદાસ આવી લાગતાંપુરિહાર, અજીતસીંહ સાથેકદ.

પ્ર. ૫—જોધપુરનો કિલ્લો. જોધપુરને ઘેરો ઘાલીને મોગલ સૈન્ય-નો પડાવ, બાદશાહ આલમગીર મુખ્ય સેનાપતિને સાવચેત રહેવાની સુચના આપી ગુપ્ત તપાસ માટે જાય છે. શોખીન સેનાપતિ સ્વસત્તાના બળમાં પોતાને નિર્ભય માની રંગરાગ અને ગાનતાનમાં ગુલતાન થાય છે. સમરસીંહ સાથે નંદના ઉસ્તાદ અને સરલા તથા નંદ સાથે નનીજાન નાયકા જાવલીમાં

દાખલ થાય છે. અને નાયકા દ્વારા સર્વને ગાનતાનમાં ભાન ભુલાવી યુદ્ધ માટે તૈયાર થાય છે. દરમ્યાન છુપી તપાસ માટે ગએલો બાદશાહ પાછો આવીને છાવણીની આ સ્થિતિ જોઈ ઉશ્કેરાય છે ગવૈયા મંડળને કેદ પકડવા જતાં સમરસીંહ વગેરે ખુલ્લાં થાય છે. દુર્ગાદાસ પણ દાખલ થાય છે. પ્રચંડ સમરાનલ જાગતાં મદમસ્ત મોગલ સમ્રાટ એક નરવીર સ્વામી ભક્ત સામન્તને હાથે કેદ પકડાય છે. ટેબ્લો.

પ્ર. ૬—ચંદાનો આવાસ. નંદા પોતાના પુત્ર નંદન સાથે પરણી ચુકવાથી તેની આશા મુકી દઈ હવીવાર ચંદાને ફસાવવા વંદનલાલ કાવતરૂં કરે છે, પણ તેમાં પોતેજ ફસાય છે અને પરિણામે કંટાળી જઈ પવિત્ર જીવન ગાળવાને પ્રતિજ્ઞાબદ્ધ થાયછે.

પ્ર. ૭—જોધપુરમાં ભવ્ય રાજ દરબાર. ચંદ્રસિંહને માફી, અજીતસીંહને રાજ્યરોહણ, લોખંડી પેટીનું વિવરણ, દુર્ગાદાસે પોતાને પ્રાપ્ત થતી અખુટ દોલતનું પોતાના નવા રાજાને કરેલું સમર્પણ, યોગીશ્વરીનો પૂર્વ પરિચય, તેણીના આદેશથી સમર–સરલાના હસ્તમેળાપ અને સમ્રાટ આલમગીરના હસ્તથી અજીતસિંહને તાજ પહેરાવવાની પવિત્ર ક્રિયા સાથે " સ્વામી ભક્ત સામન્ત " ની સાત્વિક ભક્તિ રૂપી દૈવી શક્તિથી પ્રલયકાલીન પીડાઓ ભોગવતી મરૂ ભૂમિને અનુપમ સ્વર્ગીય આનંદ સમર્પવા સાથે અમારા " સ્વામી ભક્ત સામન્ત " નું જીવન કર્તવ્ય અને અમારો આ નાટ્ય પ્રયોગ ઉભય એકી સાથે સ્વયંભૂની કૃપાથી સમાપ્ત થાય છે.

શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

"સ્વામિ ભક્ત સામન્ત"

નાટકનાં પાત્ર પરિચય.

પુરૂષ પાત્રો.

જશવન્તસિંહ......જોધપુરના મહારાજા.

અજીતસિંહ... .....મહારાજા જશવન્તસિંહનો બાલકુમાર.

દુર્ગાદાસ...........જશવન્તસિંહનો પરમ પ્રિય સરદાર.
[વીર સ્વામી ભક્ત સામન્ત.]

દીલીપસિંહ...........દુર્ગાદાસનો દૈવી દીકરો.

સમરસિંહ............દુર્ગાદાસનો લઘુ બંધુ.

ધીરસિંહ [ધીરૂ]...દુર્ગાદાસનો વફાદાર નોકર.

ચંદ્રસિંહ...........રાઠોડ જાતિનો કટો શત્રુ, એક પુરિહાર,
દીલ્હીની શહેનશાહતનો એક સરદાર,
સમ્રાટ આલમગીરે માનેલો વફાદાર.

આલમગીર........[ઔરંગઝેબ] જગપ્રસિદ્ધ દીલ્હીનો
મોગલ સમ્રાટ.

દિલેરખાન...........મોગલ સેનાધિપતિ.

ચંદન..............એક પઢિઆર.

વંદન..............ચંદ્રસિંહનો પઢિઆર નોકર.

નંદન..............વંદનનો પુત્ર.



સ્ત્રી પાત્રો

રાણી મહામાયા...જશવન્વતસિંહની રાણી, મરૂભૂમિની માનવંતી મહારાણી: અજીતસિંહની જન્મદાતા માતા

દુર્ગાવતી........"સ્વામી ભક્ત સામન્ત" દુર્ગાદાસની દૈવી ગુણવાળી પત્નિ.

યોગીશ્વરી........જશવન્તસિંહના પરમપ્રિય સ્વર્ગસ્થ સરદાર નાહરસિંહની "નિરૂપમા" કન્યા: દેશ સેવાર્થે યોગ સાધના સાથે તત્પર રહી દુર્ગાદાસ વગેરેને દૈવી સહાય દેનારી પ્રચંડ પ્રભાવશાળી પરમેશ્વરી.

સરલાદેવી........ચંદ્રસિંહ પુરિહારની પુત્રી.
સમરસિંહની સ્નેહ સ્વામિની.

ચંદ્રિકા...........ચંદ્રસિંહ પુરિહારની અસ્થિર હૃદયની પત્નિ, સરલાની અપર માતા.

નંદા..............સરલાદેવીની સાથે ચંદ્રિકાની દેખરેખ નીચે ઉછરેલી પઢિઆર જાતિની એક અનાથ કન્યા અને નંદનની પ્રણયિની.

ચંદા..............નંદાની સગી બ્હેન અને ચંદનની પ્રિયા.

એ ઉપરાંત દાસ દાસીઓ, સાહેલીઓ, અન્ય સ્ત્રીઓ અને ભીક્ષ કન્યા વગેરે.



॥ ॐ श्री हरि ॥

સ્વામીભક્ત સામન્ત

નાટકનાં ગાયનો.

—❀—

અંક ૧ લો.

પ્રારંભ પ્રાર્થના.

મંગળાચરણ— ૧

વંદુ વિશ્વરામ
શરણ આહું શુભ શાન્તિ આપ
ધ્રુવ ધર ધરણી ધરા વંદુ૦
વિમળ મતિ ગતિ પ્રબળ કૃતિ દે,
વિજય કાર્ય કરવા વંદુ૦

બાળાઓ— ૨

જપે સ્વામી પુરા પ્યારે,
સુભાગી તે તરે તારે;
બલિહારી એવા જન અવનિમાં અવતરે,
સ્વામી ભક્તિ છે સારી સુખકારી સંસારે;
કોમલ કુસુમ ક્યારી,
જેવી વીરયશ ક્યારી;

પીરજન જગત ઉદ્ધારે, ઉગારે, સુધારે જપે૦

મહામાયા— ૩

પતિ ના શાન્ત થાય
સુત શોકથી સ્વામીની સ્થિતિ
વિષમ અતિ થાય પતિ૦
વિહાગે વિપત્તિ પતિ પુત્ર ઉપરથી
વિનવું વિભુજી કરો સ્હાય પતિ૦

સરલા— ૪

યૌવનના રંગે રંગાતાં આ નેન
અંગે અનંગનું ચેન યૌવન૦
કળી કુસુમની ખીલી ગુલાબી
અલી સતાવે દિન રેન યૌવન૦
મીઠી મૂરતીએ દીઠી દિવાની
થઇ મ્હું ન આવે મન ચેન યૌવન૦

સરલા અને સખીઓ— ૫

સખી વર્ગ—શરમથી શીદ મુકાઈ મરે ?
શાણી સરલા રોષ કરે કાં ?
પધારતાં પ્રિયતમ પ્રીતિના પાઠ પુરા પઢજે
શરમથી૦

સરલા—વૃથા વેણુ શાં વદો વવલી વળી વળી વાદ કરે
સખી—અનંગ ત્હારા અંગ અંગમાં જબરો જંગ કરે
શરમથી૦

સરલા—શીદ ખીજાવો ના લજવાઓ જાઓ જાઓ ઝટરે

સખી—મન્મથ સાથે મળવા માટે ચાલો ચટપટ રે
શરમથી૦

અમરસિંહ અને સરલા—૬

સરલા—પ્રાણુ સુંદરનર મુદભર વર પામી
સ્નેહ સરવર છો સ્વામી પ્રાણુ૦

અમર—પ્યારી પ્રેમ ક્યારી સ્નેહવારિ સીચવન્તે પ્યારી પ્રાણુ૦

સરલા—સુકોમળ ક્યારી સીચીવારિ સુખદ રાખું સારી

અમર—પ્યારી મ્હારી થયો અતિ આભારી

સરલા—આભારી વિચારી ઉદ્ધારી સભારી નારી તમારી આ:
લેજોજી સુંદીર સ્વામી. પ્રાણુ૦

નંદા— ૭

આજે આનંદનો પ્રસંગ રંગ અંગમા
ભુલીછું ડૂલીછું ફુલીછું એક તાનમાં. આજે૦
ભાન ભુલી મોહે ડુલી છબીલા
આવો તલપું છું હું પ્રિતમ પ્રાણુ
આવો કન્હાઈ છુપાઈ રહ્યા શું ?
પૂર્ણ પ્રીતિ પાળું પ્રીતમ પ્રાણુ
આવે અલબેલો તો લાવ લાખેણી લ્હાણુ આજે૦

નંદા નંદન— ૮

નંદા—સ્યામળા સગમાં સુ રંગમાંરે
સદા ઝુલીયે રે (૩) રતિ રંગમાં

નંદન—અંગનાં અંગમાં ઉમંગમાં રે
રહુ રંગથી રે (૩) પ્રિયા સંગમાં
વિવાહ રૂપાળા, થાશે તો બાળા ?

નંદા—રમશું રસીક રસ રંગમાં રે સદા૦
નંદન—પરણી પ્યારી, પ્રીતિ વધારી
નંદા—ફરશું થઇ મસ્ત મદન જંગમાં રે સદા૦

વારાંગનાઓ— ૯

ઓ આલીઓ. આવો, ગાઓ, ધુમ મચાવ
આલમગીર વધાવો૦
વધાવો આલી આવો, શાહી ગુણ ગાઓ
બલિહારી વારી ધારી પ્યારી વારિ વરસાવો ઓ૦
તખ્ત તાજે શાન્તિ રાજે જીવો બહુ સમ્રાટ
શહેનશાહી શાન્તિદાઇ જગ છવાઇ
રહો કાયમ શિરતાજ ઓ૦
આ પ્રસંગે સૌ ઉમંગે ગુણ ગાવો
વિજય જય થાઓ ઓ૦

દુર્ગાવતી ૧૦

મ્હારા જીવન તારા, જીગર પ્યારા બાલુડા
મ્હારૂં બાળ સુકોમળ દીલભર દીલારામ
ભાળું મનહર મુદભર મીઠું મીઠું મુખડું મ્હારા૦
પ્યારૂં ફુલ ફુલ મંજુલ ગુલ સુધામનું ધામ
ન્યાળું રંગભરી ઉમંગ અંગ તુજ ઉજળું— મ્હારા૦

દુર્ગાવતિ દુર્ગાદાસ સમરસીંહ—

આજ રાજ કાજ કરશું તન મન ધનથી ભારી
નેક ટેક નિશ્ચય એ સ્વામી ભક્તિ સારી આજ૦
અસી આ કરમાં ધારી, દેશું અરિ વિદારી

વફાદારી પ્યારી અમારી વીર ખુમારી ન્યારી આજ૦
દુર્ગાદાસ—આત્મજ આ તૈયાર છે આજ્ઞાધારક આજ
માત નાત માલીકની સેવા કરવા કાજ—આજ૦

ચંદા ચંદન— ૧૨
ચંદા—પ્રાણ પ્યારા પધારો રસઘેલા રંગમાં
રસઘેલા રંગમાં, પ્રિતીના પ્રસંગમાં પ્રાણ૦
ચંદન—વ્હાલી વિહાલી ભલી તું વૃક્ષે વળગી વેલ; ચાહવા
ચંદા—વાલ રસીલા છેલ છબીલા રંગત રસમય રેલ— પ્રાણ૦

ચંદા-ચંદન-વંદન— ૧૩
ચંદા—મ્હારા વાલમ કહોને હવે ક્યારે મળશુ ?
હવે ક્યારે મળશું, પ્રિતપાન કરશું, ?
વંદન—પ્યારી ચંદાના વર બની પરવરશું મ્હારા૦
ચંદન—પ્રેમ આપણો આપણને જલદીથીરે મેળવશે
વંદન—વંદન અંદા વેગેથી ઘર તારૂં રે મેળવશે
ચંદા—એ જાણી પિછાણી રે વાલમને વેગે,
વધાવી લઇશ હું મ્હારા૦

—※—

અંક બીજો.

દુર્ગાવતિ— ૧૪
પ્રભુ ક્યાં શોધું હું ભરથાર
સ્વામી વીણ સુનો સૌ સંસાર........પ્રભુ૦
બાળકને લઈ ગયો અભાગી
ગયાં સર્વે મુજને ત્યાગી

હવે મળે ક્યાં ભાળ ?
સ્વયંભુ સ્હાય કરો તતકાળ.........પ્રભુ૦

દુર્ગાવતિ સમરસીંહ— ૧૫

દુર્ગાવતિ—ચાલો, બંધુ ચાલો સ્વાનું સંકટ ક્યારે કપાશેરે
ગૌરવ ક્યારે ગણાશે ક્ષત્રિનું.........ચાલો૦
મળે ભ્રાત ક્યારે મમ વલ્લભ શોધીશું
જંગલ વનમાં ?

સમર—શાન્તિ ધરતાં ભ્રાન્તિ હરતાં
દુઃખદ પંથ દુર થાશે રે...ચાલો૦
ધરો માન મમ ધીર હૃદયમાં સ્હાય શ્રીહરિ થાશે ક્ષણમાં
સાથે ફરશું, શોધી વળશું
સર્વ કાર્ય સરી જાશે રે... ....ચાલો૦

દુર્ગાદાસ— ૧૬

પ્રભુ ક્યારે સફળ થાશે આશા રે પ્રભુ૦
સ્વામી ભક્તિની ભવ્ય પ્રતીજ્ઞા
કરો પૂર્ણ જગત્રાતારે— પ્રભુ૦
શક્તિ સમર્પિ સહાયક થાઓ
હરો કષ્ટ ભૂમાતારે— પ્રભુ૦

સરલા— ૧૭

માતા કર મ્હેર લગાર આ અન્યાય તો થાયે
કન્યાથી કશું નવ કહેવાયે, દીકરી દોરો ત્યાં દોરાયે
માતા૦
જ્યાં દીકરી બહુ દુખણી થાયે
તે ઘર નર્ક સમાન ગણાયે—સુખ જાયે દુઃખ થાયે
દીન બંધુથી તે દંડાયે— માતા૦

નંદા ૧૮

લટકે, ચટકે, બની કામણગારી નારી સર્વને મારે
નયનના માર

નૌતમ નખરા કરનાર

હું મોહક મનહર મદમાતી મલકાતી છું ગુલનાર
લટકે૦

નૈનકટારી મારીને ભારી, નરને કરૂં લાચાર

સખીઓ—શાણી રંગીલી છેલ છબીલી જોજે ન ખાતી હાર

નંદા—છે મ્હારી, મનહારી, ગતી ન્યારી

જોઈ ભાન ભુલે, પડી મોહ ઝુલે, રૂપ રંગે ફુલે

સખીઓ—કદી તું ન ભુલે—' ના, ના "— લટકે૦

ચંદન, ચંદાનું— ૧૯

ચંદા—ઠગ રૂપ ધરી ઠગનારા, આજ રૂઠ્યા બધા
દીન ત્હાર

ચંદન—પ્રાણ પ્યારો ત્હારો હું હું પ્યારી

ચંદન—દઉં ઉતારી ત્હારી ખુમારી: પરનારીથી પ્યાર ?

ચંદન—પ્યારી માંગે ન માર

ચંદા—હાર મારૂં ગમાર તને; વાય વાય— ઠગ૦

ચંદન—હાય નારી નઠારી અકારી, નથી એક
ઉગરવાની બારી

ચંદા—વ્યભિચારે ન સાર! કરૂ પુરો ખુવાર
મારૂં જુતિથી માર તને વાય વાય ઠગ૦

મારૂડી પ્રજા અને દુર્ગાદાસ—૨૦

પ્રજા—ધન્ય ધન્ય છે દુર્ગાદાસ આશ છે ત્હારી એક બળવીર
કર્મવીર તે મરૂ ભુમિનું જાતું રાખ્યું નીર,

મુક્તિ કર ઝટ મારવાડની સત્ય સિંધુ મહાવીર
ધન્ય૦

દુર્ગા૦—જાઓ, સિધાવો સુખે ભાંધવો ધરી હૃદયમાં ધીર
શ્રીવર કરશે સ્હાય સર્વને શરણે રાખો શીર—ધન્ય.

દુર્ગાદાસ— ૨૧

માતૃ ભક્તિ પીતૃ ભક્તિ સત્ય સુખદાઈ
રાજ્ય ભક્ત ભૂમી ભક્ત ધન્ય જગતમાંહી. માતૃ૦
ધર્મ કાજ છોડી લાજ થાય દેહ ત્યાગી
જાય સ્વામી ભકત એહ સ્વર્ગમાં સુભાગી—માતૃ૦
માતૃ રૂણ કાજ કરૂ પૂર્ણ પ્રેમ —ધારી
ગીરામાં ગણવું એક સ્વામી ભક્તિ સારી—માત

વંદન, ચંદન, ચંદા— ૨૨

વંદન—સોગન લઉ નંદા ચંદાના સોગન લઉં
નંદા ચંદા—સોગન અમારા કેવાં ગણીને ?
વંદન તમને વહુ દીકરી માનીને, સોગન ખોટા
લઉં જાણીને સોગન૦
નંદન, નંદા—મતિ પિતાકી હવે સુધરશે
વંદન—વંદન નંદાને મળી જશે, સોગન લીધેલા
ટળી જશે. સોગન૦

ચંદ્રિકા— ૨૩

લાગે છે કેવી લાલની લટકાળી છબી
બલિહારી પ્યારા ઓવારૂ હું ઘસી ઘસી
હૃદયેથી તારી મૂરતી જતી નથી ખસી લાગે છે.
દેખું હું દુર્ગાદાસની છબી મન વસી

સુરત દીલારામની દીલ રહી ઠસી,
આવોને આવો આલિંગું હું હસી હસી   લાગે છે૦

અંક ત્રીજો.

સરલા અને દુર્ગાવતી—   ૨૪

આવોને કરો પ્રભુ વ્હારરે
આ હૈયું કપાય, સ્વામીની જુદાઇ
સતિઓથી ન સહેવાયે   આ૦
સતિને છાજે પતિની પુનીત પ્રિતી
કૃષ્ણ કૃપાળું કર સંકટે સ્હાય   આ૦

સમર—સરલા—   ૨૫

મળ્યા મોહન સગુણસાર. જીવન આધાર સુખ ભંડાર,
ખરી તું નાર ખુબીદાર, એવી દીલદાર જીગરના તાર
કર્યા ડંકા રૂતુ રાજે, કદી કાન્તાર આ ગાજે
પ્રિયુના પ્રેમને કાજે, વિરહ સાજે પ્રિયા લાજે—મળ્યા૦
બનાવી બ્હાવરી આજે, મદન મહારાજના રાજે
છબીલીની છબી છાજે, સલુણી સ્નેહના સાજે મળ્યા૦

દુર્ગાદાસ—   ૨૬

વીર નર હોય તે તો વિપત્તિથી ન કદી ડરે છે
વિકટ વેરાનને વળી જેલ ને મન મહેલ ગણે છે
નેક ટેકમાં છેક જે સ્વાર્થ પરાયણ થાય
વરે વિજય નહિં તે વળી, પડે પાછા, બાજી   હારી જાય
કીર્તિ ગુમાવ્યાથી મરવું ભલું છે
વીર જીવન અતિ ઉજળું છે.

૨૭

નંદા--પ્રિત પ્યાલી પીયો મતવાલા પ્રિતાન્ત દારૂની
નંદન—પ્યાલી જાલી ગુલનારી, પીતાં પ્રગટે છે લાલી
હૃદયના હોલની.......પ્રિ૦
નંદા--આવો પ્યારા આવો, રંગત લાવો, રંગ જમાવો
નંદન—પ્રિતપાન કરૂં, રસપાન કરૂં
નંદા- પ્રભુ પરમ સુખદ હો શ્યામ
જપું નિત્ય નામ, જીવન આરામ... .. .. ..પ્રિ૦

૨૮

અ[illegible]લાલજી હોળીગરીજી અને બાળમંડળ—
હોળી ખેલી ના [illegible], રમીએ હડા [illegible]ની કુસ્તી
અમૃતલ— રમું [illegible] હાર્યા [illegible] હાર છુ [illegible]
ગરજી— [illegible] રમત [illegible] સારી
[illegible] બાળ આપણે રમવા રંગ [illegible]
[illegible] કેલા હડા હોડીને [illegible] હરો [illegible]—આ૦
હોડા હેડા હરો હોડતાં [illegible] મા [illegible]
[illegible] ચાટ્યા [illegible] ચતુર [illegible]—આ૦

સરલા. નંદા— કાફી ૨૯

ખણી નેણુ મારા હાણુ બારતી
હોની કારણ [illegible] સોકાયની
[illegible] વાધાસી [illegible]
લોડે છપરતે માંકા મરડે...... ..ખણી૦
તોહજે હુસ્નજે દીદાર ક્રીયાસાં
હોસ અકલમેં દસ વીંયાસાં......ખણી૦

આશક તેનું એક બાત કીયોસી
ભાઇ સહજ આપતી ....ભણી૦

ચંદા— ગાયન.

એ બાગે લાડોજી મુંબાઇ શેહેરનું આયોજી—જી—જી
એ મારો વાલમજી બાજુબંધ ભેરખી લાયોજી—જી—જી
નણદી જાયે હાવરે જેઠાણીએ ઝગડો કરીયોજી—જી—જી ટેક
કે દેરાણી કેવે મને બાવરો ધુતરીવાળો આડે દીસાવોજી—જી—જી
હે શીરદાર થારી મુચ્છો ગમ્ધા પુચ્છો નેંણ લાગેજી—જી—જી

નંદન, નંદા, ચંદા, ચંદન, વંદન—૩૦

ચારે—ભુલી જતા નહિં— ના—ના—ના—ના
સાધુ બની ભેખ લજાવતા નહિં ..ભુલી૦
વંદન—ઢંક નહિં કરવાની હું આજે બાધા રાખું
ચારે—સુખે ફરજો ભક્તિ કરજો
મોક્ષ મળે અંતે જેથી..................ભુલી૦
ચંદન—મહાવીર મહાવીર કયામારી કે હરિયે
જપ માળા જપશું..................ભુલી૦

સર્વ પાત્ર— ૩૧

જય જદુનાથ, રઘુનાથ, જગતાત પ્રભુ
તારણ તરણ, ધ્રુવ ધારણ ધરણ વિભુ
ભારત સ્વારથ તાત
કરો પૂર્ણ કૃપાનાથ
અજર અમર હર
અટલ અચલ આપ.............જય૦

ૐ શાંતિ ॥ ૐ શાંતિ ॥

જાહેર ખબર.

અમારી કંપનીના નીચેલા નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચેની કિંમતે ચોપડીઓ મંગાવવામાં આવશે.

ચોપડીનું નામ.	કિંમત.
બિલ્વમંગળ ઉર્ફે સુરદાસ	૦—૨—૦
શ્રી ભક્તિવિજય	૦—૨—૦
સુરેખા હરણ	૦—૨—૦
નાગર ભક્ત	૦—૨—૦
નીલમ માણેક	૦—૨—૦
મનહર—મેના	૦—૨—૦
યોગકન્યા	૦—૨—૦
મહાશ્વેતા—કાદમ્બરી	૦—૨—૦
જોહરે શમશેર	૦—૨—૦
શ્રી જયમતી	૦—૨—૦
માતૃપીતૃ ભક્ત પુંડરીક	૦—૨—૦
ઉર્વશી—પુરૂરવા	૦—૨—૦
કૌશલપદમણી	૦—૨—૦
જેસલતોરલ	૦—૨—૦
બીરબલ બાદશાહ	૦—૨—૦
ચંદ્ર પ્રભા	૦—૨—૦
પ્રવીણસાગર	૦—૨—૦
કનક—કેશરી	૦—૨—૦
પીપાભગત	૦—૨—૦
રાજલીલા	૦—૨—૦